**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૨૭ ટકા

# હવે, લોકડાઉન-૫ કેવુ અપેક્ષિત છે

**ગાંધીનગર, તા.૨૯**

**સમગ્ર વિશ્વ કોરોનાથી ત્રાહિમામ છે. સરકાર દ્વારા હાલ સુધીમાં ચાર લોકડાઉન જાહેર કરવામાં આવ્યા છે. સાથે નગરમાં સાંજે ૭ થી સવારે ૭ વાગ્યા સુધી જનતા કરફ્યુ પણ લાદવામાં આવ્યો છે. પ્રથમ લોકડાઉનથી જ કડક કાયદા સાથે જીનજીવન કોરોનાથી રક્ષણ મેળવવા ઘરે જ રહીને લડત આપી રહ્યું હતું. ત્યારબાદ ચોથા લોકડાઉનમાં આંશિક છૂટછાટ આપવામાં આવી હતી. હાલ પાંચમુ લોકડાઉન પણ આવશે તેવી નગરમાં ચર્ચા ચાલી રહી છે તો જાણીએ કે, નગરજનો સાથે નગરના અગ્રણીઓનું શું કહેવું છે કે, આવનાર પાંચમું લોકડાઉન કેવું હોવું જોઈએ.**



●●●

લૉકડાઉન-૫ આવે તો રેડઝોન વિસ્તારમાં સ્ટ્રીકટ પાલન થાય તેવું હોવું જોઈએ. જેમાં ફકત દૂધ અને દવા જેવી સવલતો સિવાય બિલ્કુલ છૂટછાટ ન મળવી જોઈએ જેથી સંક્રમણ રોકી શકાય. બાકીના વિસ્તારમાં મળતી છૂટછાટમાં વધારો કરવો જોઈએ.

**- દેવાંગ ઠક્કર, શિક્ષક**

●●●



લૉકડાઉનમાં જે રીતે આગળ વધ્યા તેમ રેડઝોનને બદલે કન્ટેનમેન્ટ અને નોન કન્ટેનમેન્ટ ઝોનને આમ રાખી એ મુજબ છૂટછાટ આપવી જોઈએ. ફકત એક જ ૧૪૪ની કલમ લાગુ રાખવી જોઈએ એ સિવાય બધી જ આર્થિક પ્રવૃત્તિઓ વધે અને સાથે કોરોનાની સાવચેતી પણ રહે તેમ લૉકડાઉનને આગળ વધારવું જોઈએ. મારા મતે સાંજે ૭ થી ૭ના જનતા કરફયુના સમયને રાત્રે ૧૦ થી સવારના ૬ સુધી કરી ૧૦ વાગ્યા સુધી આર્થિક પ્રવૃત્તિ કરવાની છૂટછાટ આપવી જોઈએ.

**- રાહુલ મહેતા, પૂર્વ પ્રમુખ ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન**



●●●

પાંચમા લૉકડાઉનનો નિર્ણય સરકાર લેશે તે સમજી વિચારીને ગુજરાતની જનતાના હિતમાં જ લેશે તે નિર્ણય સર્વકારી અનુકૂળ બનવું જોઈએ તેમ હું માનું છું.

**- હર્ષાબા ધાંધલ, કોર્પોરેટર**

●●●

જે પ્રથણ ત્રણ લૉકડાઉનમાં ડર હતો તે લૉકડાઉન ૪ સુધી રહ્યો છે. લૉકડાઉન ૪ની અંદર સરકારે ઘણી બધી વસ્તુઓની છૂટછાટ આપી એનાથી જનતાને પોતાની જીવન જરૂરિયાતની વસ્તુઓ લેવાનો અને વેપારીઓને બિઝનેસ કરવાનો ટાઈમ મળ્યો. લૉકડાઉન-૫ આવે તેમાં ભયના વાતાવરણમાંથી મુકત કરવા દુકાનોની સમય મર્યાદા ૪ વાગ્યાથી વધારવી જોઈએ. એવું હોય તો સવાર અને સાંજ એમ બે ટાઈમ દુકાન ખુલ્લી રહે અને બપોરના બંધ રહે. કારણ કે ખરીદી કરવા બપોરના ૧૨ પછી કોઈ આ તડકામાં આવતું નથી.



**- કુનાલ વ્યાસ**
**પૂજા પાર્લર**

●●●

વેપારીઓ માટે લૉકડાઉન-૫ આવે તો વેપારનો સમય સવારે ૮ થી ૧ અને સાંજે ૫ થી ૯ થવો જોઈએ. કારણ કે ઉનાળના સમયમાં બપોરે કોઈ ખરીદી કરવા આવતું નથી. ઉપરાંત ડીજીટલ ટ્રાન્ઝેકશનમાં સરકાર દ્વારા વધારાનો ટેકસ વસૂલવાના નિયમમાં બદલાવ આવે તે જરુરી છે. કારણ કે કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં હાલ ડિજીટલ પેમેન્ટ જ થઈ રહ્યા છે. ઉપરાંત હાલની આ પરિસ્થિતમાં સરકાર દ્વારા વસૂલવામાં આવતા ટેકસના દરને પણ ઓછા કરવા જોઈએ.



**- આદિત્ય પટેલ, ઉમિયા ગૃહ ઉદ્યોગ, પેથાપુર**

●●●

શહેરમાં હજી કેસ વધી રહ્યા છે. જેમ છૂટછાટ વધુ આપવામાં આવી રહી છે તેમ કેસમાં વધારો થઈ રહ્યો છે. જો ધ્યાન નહીં રાખવામાં આવે તો આનું પરિણામ ઘણું કઠિન હશે. શહેરના રેડઝોનમાં છૂટછાટ મળી ત્યારે ગામડાઓમાં કેસ વધ્યા. શહેરમાં હોસ્પિટલની સુવિધા છે પરંતુ ગામડામાં એટલી નથી. આ પરિસ્થિતિને સુધારવા અગમચેતીના પગલા લેવા જરુરી બન્યા છે. સાથે દેશની આર્થિક પરિસ્થિતિને પણ સંભાળવી જરુરી છે. દરેક નાગરિક પોતાની ઈમ્યુનીટી ડેવલપ કરે અને ધીરે ધીરે છૂટછાટ અપાય તો મારા મતે આ સ્થિતિમાં સુધારો આવી શકશે.




**- દીપ પટેલ, મેનેજીંગ ડાયરેકટર, માઈલ્ડ સ્ટોન એકેડેમી**

●●●

લૉકડાઉન-૫માં જે જગ્યામાં વધુ કોવિડ ફેલાયેલો છે તે સિવાયની જગ્યાઓમાં સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે લોકોને વધારે છૂટછાટ આપવી જોઈએ જેને કારણે લોકો પોતાની આજીવિકા કમાઈ શકે. સાથોસાથ સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે ધાર્મિક સ્થાનો પણ ખુલ્લા મુકવા જોઈએ જેને કારણે માણસોને આધ્યાત્મિક રીતે કોરોના સામે લડવાનું બળ મળે. આ ઉપરાંત સામાજીક મેળાવડાઓને પણ સોશિયલ ડિસ્ટન્સીંગના સરકારના કોવિડ-૧૯ સાથેના ધારાધોરણો પાળવાની સાથે મંજૂરી આપવી જોઈએ.



**- મયુર જોષી, મેનેજીંગ ટ્રસ્ટી, ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ**

●●●

લૉકડાઉન-૫ શરૂ થાય તે હાલના સંજોગોમાં અનિવાર્ય જણાઈ રહ્યું છે. આ પરિસ્થિતિમાં આવનાર લૉકડાઉનમાં અગાઉ મળેલ છૂટછાટો તો ચાલુ જ રહે તેમજ વધારાની જરૂરી રાહતો મળે તે મારા મતે સુયોગ્ય અને સંતોષકારક જનજીવન માટે યોગ્ય જણાય છે. હાલમાં સવારના ૮ થી બપોરના ૪ સુધી બજારો ખુલ્લા રાખવાની અને ખરીદીની મંજૂરી છે. ઉનાળાની કાળઝાળ ગરમીના લીધે આ સમય લંબાવીને સાંજે ૭ સુધી સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે કરવામાં આવે તે જરુરી જણાય છે. કોરોના મહામારી સામે રોગ પ્રતિકારક શકિત વધારવી અત્યંત જરુરી છે જેથી સવાર અથવા સાંજે દરેક માટે વોકીંગ-જોગીંગ કરવું અગત્યનું છે. સોશિયલ ડિસ્ટન્સીંગ રાખી આવી મુકિત મળે તો ઉપયોગી નીવડશે.

ગાંધીનગર શહેરમાં ઘરકામ કરવા આવતા શ્રમિકો, ઘરઘાટીઓ ખુબ ઉપયોગી અને જરુરી છે. આ ઘરઘાટીઓને કે કામ કરતી બહેનોને સોસાયટીમાં, સેકટર કે રહેણાંક વિસ્તારમાં પ્રવેશ આપવામાં આવતો નથી જેથી નગરના દરેક ઘરમાં અગવડતા અનુભવાય છે અને આ લોકોની આર્થિક હાલત ખૂબ જ કફોડી અને દયાજનક બની ગઈ છે. ઘરકામ કરનારાઓની યોગ્ય શારીરિક તપાસ બાદ પ્રવેશ મળે તો બંને પક્ષે અરસપરસ સંતોષ પ્રાપ્ત થશે. રાહતો અને જવાબદારીઓ એક સિક્કાની બે બાજુઓ છે. આપણે સહુ સરકાર દ્વારા જાહેર કરાયેલા નિયમો માર્ગદર્શિકાઓનો ચુસ્તપણે અમલ કરવાનો નિર્ધાર કરીએ અને અફવાઓ તથા અફવા ફેલાવનાર સામે સરકાર પગલાં ભરે એ પણ જરૂરી છે. તો ચાલો વિશ્વભરમાં ફેલાયેલી આ મહામારી કોરોનાનો આપણે સૌ ધીરજ અને મકકમતાથી સામનો કરીએ અને જીવન પ્રત્યે નવું જોમ, ઉત્સાહ અને આશા સાથે જગ માંડીએ.



**- આશાબા સરવૈયા, સાંસ્કૃતિક અને સામાજીક કાર્યકર**

●●●

ગુજરાતમાં કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તો લોકડાઉન-૫ અમલમાં આવવુ જોઈએ. મારા મત મુજબ જરૂરિયાત ને જ છુટછાટ મળવી જોઈએ બાકી લોકો પર પ્રતિબંધ હોવો જોઈએ કારણ કે દરરોજ કેસ વધતા જાય છે. જ્યાં કેસ વધતા જાય છે તે વિસ્તાર સંપૂર્ણ લોકડાઉન કરવો જોઈએ અને નિયમોનો ચુસ્ત અમલ કરવો જોઈએ.

પણ સાથે સાથ તે વિસ્તારના બેરોજગાર અને મજૂરી વર્ગ ના લોકો માટે પણ કંઈક આયોજન સરકાર દ્વારા થાય તો સારું અને કોરોના સામે ઘરેલુ ઉપચાર માટે જરૂરી સામાન આ વિસ્તાર ના લોકો ને પૂરો પાડવો જોઈએ જેમ કે સુંઠ,તુલસી વગેરે.. આવી સમાગ્રીની કિટ બનાવી વિતરણ કરવુ જોઈએ. બાકી હમણાં છુટછાટ આપશું તો કોરોનાના કેસ ખૂબ જ વધી જશે. આ સમયે સેલ્ફકેર ખાસ જરૂરી છે. મોદીજી એ કહ્યું એ પ્રમાણે આત્મનિર્ભર બની સૌએ તેમનું માન આપવું જોઈએ.



**- સ્નેહા પટેલ, પ્રોફેસર**

## શહેરમાં કેસર કેરીની આવક વધતાં ભાવોમાં પણ નરમાઈ જોવા મળી

**કેસર કેરી વેચતા વિતરકો વધતા અગાઉ જે કેસર કેરી ૧૦૦૦થી ૧૨૦૦ રૂપિયે પેટી હતી તેનો ભાવ છેલ્લા ૧૫ દિવસમાં ૬૦૦ થી ૮૦૦ થઈ ગયો : કેસર કેરીમાં કાર્બનની પડીકીની જગ્યાએ કેમિકલનો ઉપયોગ થતો હોવાની શંકા વધી**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના બજારમાં ફરી એકવાર કેસર કેરીની આવક વધેલી જોવા મળી રહી છે જેને પગલે શહેરમાં કેસર કેરીની પેટીનો ભાવ જે અગાઉ એપ્રિલ માસમાં ૧૦૦૦થી ૧૨૦૦ સુધી પહોંચ્યો હતો તે છેલ્લા ૧૫ દિવસમાં ઘટીને હવે ૬૦૦થી ૮૦૦ સુધી આવી ગયો છે. અગાઉ લોકડાઉનના કડક અમલને કારણે કેસર કેરીની આવક ઓછી હતી જેના કારણે વેપારીઓએ ગ્રાહકો પાસેથી ઊંચા ભાવ વસૂલ્યા હતા પરંતુ હવે જયારે લોકડાઉન-૪માં મળેલી છૂટછાટને કારણે શહેરમાં કેસર કેરીની આવક વધી છે ત્યારે કેસર કેરીનાં રસિયાઓ માટે સાનુકૂળ સ્થિતિ સર્જાતી જાય છે. જો કે શહેરમાં આવતી કેસર કેરીમાં મોટાભાગની કેમિકલયુકત કેરી હોવાની ફરિયાદો પણ ઉઠતી જોવા મળી રહી છે બીજી તરફ શહેરના શાકમાર્કેટ કે અન્ય શોપિંગ સેંટર્સ ઉપરાંત પાટનગરના માર્ગો અને બહાર હાઈવે પર કેરીની પેટીઓ લઈને વેચવા ઊભા રહેતા વિતરકોની સંખ્યા તો વધી છે તે સાથે સાથે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને મિત્ર-વર્તુળમાં કેરીનો વેપાર કરતાં નાગરિકોની સંખ્યા પણ વધી છે જેમાં કેટલાક કર્મયોગીઓનો પણ સમાવેશ થાય છે.

આજકાલ ગાંધીનગરને જોડતા હાઈવે તેમજ શહેરના માર્ગો પર સવારે ૮ થી બપોરના ૪ વાગ્યા સુધી મળેલી છૂટમાં કેસર કેરીની પેટીઓ વેચતા ફેરિયા મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે અને મોટાભાગના વિતરકો તેમની કેસર કેરી સૌથી શ્રેષ્ઠ અને કાર્બન કે કેમિકલરહિત હોવાના દાવા કરી રહ્યા છે. આ ફેરિયાઓ તેમની કેસર કેરીનો ભાવ એક હજારથી શરૂ કરે છે પરંતુ જો ગ્રાહક જાગૃત અને સમજદાર હોય તો ભાવમાં કસ કરાવે એટલે જેવો ગ્રાહક તે મુજબ રૂ.૬૦૦થી લઈને રૂ.૮૦૦ સુધીમાં વેપાર કરી લે છે. આ કેસર કેરી કાચી હોય છે જે પાંચથી સાત દિવસમાં પાકી જશે તેવું કહેવામા આવે છે પરંતુ કેટલાક ગ્રાહકોને કેરી માત્ર બે-ત્રણ જ દિવસમાં પાકવા લાગતાં તેમાં કેમિકલનો ઉપયોગ કરાયો હોવાની શંકા ઘેરે છે. કેસર કેરીમાં પણ હવે ફળની સાઈઝ જુદી જુદી જોવા મળી રહી છે તેમજ સ્વાદમાં પણ વૈવિધ્ય આવતું હોવાથી ઘણા ગ્રાહકોને તો તેમણે ખરીદેલી કેરી ખરેખર કેસર જ છે તે અંગે પણ શંકા થઈ રહી છે. મોટેભાગે કેસર કેરીની આવક મે માસમાં વધુ થતી હોય છે અને મે માસના અંતમાં લોકડાઉન-૪માં રાહતો પણ મળવાને કારણે શહેરમાં કેસર કેરીની આવક વધી છે જેને કારણે કેરીની પેટીનો ભાવ જે એપ્રિલમાં ૧૦૦૦થી ૧૨૦૦ હતો તે ઘટીને ૬૦૦થી ૮૦૦ સુધી નીચે આવ્યો છે. જો કે કેટલાક જાણકારોનું કહેવું છે કે આ કેસર કેરીનો એપ્રિલ માસમાં ઉતારવામાં આવેલો પાક હતો જ્યારે કેસર કેરી કુદરતી રીતે પાકવાનો સમય હવે થઈ રહ્યો છે અને હવે જે કેસર કેરીનો પાક આવે તેનો ભાવ થોડો ઊંચો રહેશે, તે જો કેમિકલ રહિત હશે તો ભાવ ૭૦૦ થી ૧૦૦૦ સુધીનો ભાવ જોવા મળશે.

## ટીપી-૯માં રહેતા કોરોના વોરિયરનું ભવ્ય સ્વાગત કરાયું



ગાંધીનગર શહેરની સરહદે આવેલા ટીપી-૯ સરગાસણ વિસ્તારની સુયશ ક્રિસ્ટલ સોસાયટીમાં રહેતા જૈમીનીબેન પિન્ટુભાઈ પટેલ કે જેઓ ગાંધીનગરની સીવીલ હોસ્પિટલમાં કોવિડ-૧૯ વિભાગમાં સતત ૧૪ દિવસ ફરજ નિભાવી શુક્રવારના રોજ પોતાના ઘરે આવતા સોસાયટીના રહીશોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. પોતાના બે વર્ષના દિકરાને છાતી સરસો ચાંપી લઈ ભાવુક બની ગયેલા આ હેલ્થકર્મી જૈમીનીબેન પોતાના પતિ, દિકરી અને સાસુ પ્રત્યે અપાર આભારની લાગણી વ્યકત કરી પોતાની ફરજ માટે આપેલા અભૂતપૂર્વ સહયોગથી જ કોરોના દરદીઓની નિષ્ઠાપૂર્વક સેવા કરી શકી તેનો સંતોષ વ્યકત કર્યો હતો. સુયશ ક્રિસ્ટલના રહીશોએ પણ જૈમીનીબેનની ફરજ અને સેવાને બિરદાવી પુષ્પગુચ્છ, ફુલો અને તાળીઓના ગડગડાટથી તેમને આવકારી અભિવાદન કર્યું હતું. કોરોનાની મહામારીથી આખુ વિશ્વ હચમચી ગયું છે ત્યારે દેશના આવા સ્વાસ્થ્ય કર્મીઓની આકરી તપસ્યા જેવી સેવા થકી દેશ આ મહામારી સામે અડીખમ ઉભો રહી શકયો છે તેવું સોસાયટીના વડીલ અરવિંદભાઈ ગજજરે જણાવી જૈમીનીબેનને પ્રોત્સાહિત કર્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. યાદવ તારાબોન સંતરામભાઈ, ઉ.વ. ૫૪
- સ્વ. જોયતીબેન પ્રહલાદભાઈ પટેલ, ઉ.વ. ૧૦૦
- સ્વ. મધુબોન વસંતલાલ શાહ, ઉ.વ. ૮૪
- સ્વ. મકવાણા પ્રિયંકા હસમુખભાઈ, ઉ.વ. ૧૯
- સ્વ. ઠાકોર શાંતાબોન પુંજાજી, ઉ.વ. ૮૨
- સ્વ. અમૃતભાઈ શંકરભાઈ પટેલ, ઉ.વ. ૮૧

## ખોરજ જલારામ ફાર્મ હાઉસ ખાતે રહેતા પરિવાર હુમલો

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલા ખોરજ ગામે જલારામ ફાર્મ હાઉસની સારસંભાળ રાખતા પરિવાર પર ચાર શખ્સોએ હુમલો કર્યો હતો. બનાવ અંગે પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ મુળ મધ્યપ્રદેશના અને ખોરજ ગામે જલારામ ફાર્મ હાઉસની સાર સંભાળ રાખે છે અને માર્ગ પર રેકડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. રાજન પાંડેના પરિવારમાં ૧૭ વર્ષિય દિકરી, ૭ વર્ષનો દિકરો અને પત્ની છે. સાંજના સુમારે ફરીયાદી ઘરે હતા તે સમયે ખોરજ ગામમાં રહેતો વિજય ભરતભાઈ દંતાણી અને રફીભાઈ તેમના ઘરે ગયા હતા. તે સમયે "વિજયે હું તમારી દિકરીને પસંદ કરુ છું અને લગ્ન કરવા માંગુ છું." આ વાતને પગલે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તે સમયે વિજય અને રફી બંન્ને અપશબ્દો બોલીને ત્યાંથી ભાગી ગયા હતા. ત્યારબાદ તેમનુ ઉપરાણુ લઈને વિજયના પિતા અને મોટાભાઈ બંન્ને આવ્યા હતા. તેમણે લાકડી અને ધારીયાથી ફરીયાદીને માર માર્યો હતો. વિજયે ફરીયાદીના દિકરી પરવાર કરતા તેને અંગુઠા પર ઈજા થઈ હતી. મારામારીને પગલે હોહા મચતા સ્થાનિક નાગરીકો વચ્ચે પડતા ભરતભાઈએ લાકડીથી માર માર્યો હતો અને તેમના મોટા દિકરાએ માથાના ભાગે ઉધુ ધારીયુ મારી દેતા ઈઝા પહોચી હતી. ફરીયાદીના તમામ પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપી હુમલાખોર જતા રહ્યા હતા. જેને પગલે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ચારેય શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

## ચિલોડા નાકા પોઈન્ટ પરથી વિદેશી દારૂ પકડાયો

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર હિંમતનગર તરફથી આવી રહેલી કાર નં. એમ.એચ.૦૪.ડી.ઈ.-૬૪૯૫ હોન્ડા સીટીના ચાલકનું નામ પોલીસે પુછતા દશરથસિંહ દેવુભા જાડેજા (ઉં.૪૬ શાંતીવન સોસાયટી જામનગર) હોવાનું ધ્યાને આવ્યું હતું. ચિલોડા પોલીસે રૂ.૪૪૫૦ની કિંમતનો દારુ અને રૂ.૧ લાખની કાર પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે બીજા બનાવમાં સવારના સાડા સાત વાગ્યાના અરસામાં એક ટ્રાવેલ્સની બસમાંથી એક યુવક સાથે રહેલો થેલો ચેક કરતા અંદરની દારૂની નાની મોટી ૪ બોટલ મળી આવી હતી. પોલીસે યોગેશ આશિષભાઈ ચંદેલ (૩૧ વર્ષ નિકોલ અમદાવાદ) સામે પ્રોહિએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### દુઃખદ અવસાન

ચીફ ટાઉન પ્લાનર અને શહેરના અગ્રણી કમલેશકાંત વી. શાહ (શ્રીમદ્, પ્લોટ નં. ૫૬૨/૪, સેકટર-૨૨)ના માતૃશ્રી ગં. સ્વ. મધુબેન વી. શાહ તા. ૨૯-૫-૨૦૨૦ના રોજ અરિહંત શરણ થયા છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે.

## સે-૨માં લોકડાઉનમાં ફસાયેલી સગર્ભા દીકરીનું 'વેસ્ટમાંથી બેસ્ટ' સર્જન

**લોકડાઉનમાં પિતાના ઘરે રોકાઈ ગયેલી વકીલ તોરલ રાઠોડે લાકડાના ટુકડાઓમાંથી બાળકોને રમવામાં મોજ પડી જાય એવા સુંદર મજાનાં રમકડાં બનાવ્યા**

ગાંધીનગર, તા.૨૯

કોરોના મહામારીએ જીવનશૈલી પર બહુ મોટી અસર ઊભી કરી છે, એક તરફ જ્યાં નાગરિકોને ઘરમાં કેદ કર્યા છે ત્યાં બીજી તરફ અનેક નાગરિકોમાં રહેલી છૂપી પ્રતિભાને નિખારવાનું કામ પણ કોરોના મહામારીએ કર્યુ છે. એક તરફ આ મહામારીથી ચિંતા અને બેરોજગારીઓ માહોલ સર્જાયો છે તો બીજી તરફ આ મહામારીના કારણે ફરી એકવાર ભારતીય પારિવારિક જીવનશૈલીનું મહત્વ વધ્યું છે. કોરોના મહામારીના કારણે છેલ્લા બે માસથી લાગુ પડેલા લોકડાઉનમાં કોઈકે ચિત્રો દોરીને સમય વિતાવ્યો તો કોઈકે ગીતો ગાઈને, કોઈકે સ્નેહીજનો-પરિવાર સાથે ઓનલાઈન રમતો રમવાનો આનંદ માણ્યો તો કોઈકે કોરોના વોરિયર્સ બનીને સમાજસેવા કરી. આ બધા વચ્ચે ગાંધીનગરની એક વકીલ દીકરી જે સગર્ભા હતી અને પોતાના પિતાને મળવા આવેલી હતી તે દરમ્યાન લોકડાઉન લાગુ પડી જતાં પિતાના ઘરે જ રોકાઈ જેવુ પડ્યું હતું તેને પિતાના ઘરે રહીને લાકડાના નકામા ટુકડાઓમાંથી બાળકોને રમવામાં મોજ પડી જાય એવા સુંદર મજાનાં રમકડાં બનાવ્યા છે.

સામાન્ય રીતે જ્યારે કોઈ મહિલા ગર્ભવતી બને ત્યારે પોતાના બાળક માટે સ્વેટર ગૂંથે, સારા સાહિત્યનુ





વાંચન કરે એવી સ્થિતિ સામાન્યતઃ જોવા મળે છે પરંતુ ગાંધીનગરના સેક્ટર-૨બીમાં રહેતા મહેન્દ્રભાઈ એસ. રાઠોડની દીકરી તોરલ રાઠોડે તો સુથારી કામ પર હાથ અજમાવી અવનવા રમકડાં બનાવી દીધા છે. તોરલ રાઠોડ પોતે અમદાવાદ હાઈકોર્ટમાં વકીલ તરીકે વ્યવસાય કરે છે અને સાબરકાંઠાનું વડુમથક હીમતનગર તેમની સાસરી છે જ્યાથી તેઓ વકીલાત કરવા દરરોજ અપડાઉન કરે છે. કોરોના મહામારીના પગલે જ્યારે વડાપ્રધાને જનતા કરફ્યુનું આહવાન કર્યુ ત્યારે તોરલ રાઠોડ પિતાના ઘરે થોડા દિવસ રોકવા માટે આવેલા હતા જે તેમની સગર્ભાવસ્થાના પ્રારંભિક સમયગાળો હતો. આ પછી લોકડાઉન-૧ લાગુ પાડ્યું તેથી તેમને અહી જ રોકાઈ જાઉં પડ્યું. તોરલ રાઠોડને પહેલેથી "વેસ્ટમાથી બેસ્ટ" એટલે કે નકામી લાગતી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી નવું સર્જન કરવાનો શોખ હતો. તેઓ પિતાના ઘરે રોકવા આવ્યા હતા તે દરમ્યાન હીમતનગર ખાતે તેમના ઘરમાં નવું ફર્નિચર બનાવાનું કામ પૂરું થયું હોવાથી વધેલા લાકડાના ટુકડા સાથે લઈને આવ્યા હતા જેમાથી તેમણે રમકડાં બનાવવાનું શરૂ કર્યું હતું. તેમના પિતા મહેન્દ્રભાઈ બાંધકામ વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી તેમના ઘરમાં કેટલાક ઉપયોગી સાધનો તેમજ કલર, ખીલ્લી જેવી અન્ય વધેલી ચીજવસ્તુઓ પણ હતી. આ બધાનો ઉપયોગ કરીને તોરલ રાઠોડે લોકડાઉનના સમયગાળામાં નાના-મોટા અનેક સુંદર રમકડાં બનાવી દીધા જેને રમવામાં બાળકોને રમવામાં મોજ પડી જાય. એવું માનવમાં આવે છે કે ગર્ભાવસ્થાના સમયમાં માતા જેટલી સર્જનાત્મક પ્રવૃતિ કરે તેટલું બાળક પણ કૌશલ્ય ધરાવતું જન્મે છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહેન્દ્રભાઈ એસ રાઠોડ ગાંધીનગર સાહિત્ય સભાના ખજાનચી તરીકે પણ સેવાઓ આપે છે, એટલે પેલી કહેવત પણ અહી લાગુ પડે છે કે 'મોરના ઈંડા ચીતરવા ના પડે'.